જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૧/૦૨/૨૦૨૨ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૭૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૯ | ૦ | ૧૧૭૩૯ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૯ | ૦ | ૧૨૯ | ૪૦૩ | ૦ | ૪૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૨૯૫૭ | ૧૫૯ | ૮૩૧૧૬ | ૮૩૯૫૮ | ૧૬૫ | ૮૪૧૨૩ |
| કુલ | | ૯૯૫૫૮ | ૧૫૯ | ૯૯૭૧૭ | ૧૦૮૪૯૧ | ૧૬૫ | ૧૦૮૬૫૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૭ | ૪,૯૭,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૨૯ | ૯,૨૯,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## પ્રોહિબીશન ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા પરબતસિંહ મગજી પરમાર ઉ.વ.૨૫ રહે- ગામ-ગુંદરી, તા-દાંતીવાડા જી-બનાસકાંઠા નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦ ૪૧૨૧૧૮૮૬/૨૦૨૧ પ્રોહિ.એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૩૬/૨૦૨૨ તા.૧૦/૦૨/૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૦/૦૨/૨૦૨૨ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૭,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૭૯/૨૦૨૨**

**ઓઢવઃ** અમરજીતસિંહ વિક્રમસિંહ સોલંકી (રહે.આશારામ પાર્ક સોસાયટી દીપાલીનગરની બાજુમાં આદીનાથનગર ઓઢવ) એ તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ થી તા.૧૦/૦૨/૨૦૨૨ કલાક ૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૧,૩૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૮૦/૨૦૨૨**

**નારોલઃ** મુકેશભાઇ જયમાલભાઇ વાઘેલા (રહે.કંકુપાર્ક સોસાયટી ગણેશ ફાટસર પાસે રાજકોટ બાયપાસ સુરેન્દ્રનગર) એ તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૨૨ સાંજના ૭/૧૫ થી રાતના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ વટવા કેનાલ ખાતે ઝરણા પાર્ટી પ્લોટ આગળ પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં સોનાનો હાર, સોનાની બુટ્ટી, પેડલ સાથે સોનાની ચેઇન, સોનાની વીંટી મળી કુલ કિમત રૂપિયા ૪૦,૭૫૧/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

**નિકોલઃ** મેહુલભાઇ અરવિંદભાઇ સવસાણી (રહે. શ્યામકુટીર ફ્લેટ હરીદર્શન રોડ ૧૦૮ ઓફીસ સામે નરોડા) એ તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૨/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન નિકોલ ટોરેન્ટ પાવરની બાજુમા એસ.પી.રીંગરોડ શ્રીનાથ સાર્થક એસ્ટેટમાં શેડ નંબર-૬૭ માંથી પાણીની મોટર કિમત રૂપિયા ૨૦૦૦/- અને પ્લાસ્ટીકના હેન્ડલ બનાવવાની ડાઇ નંગ-૩ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૮૧/૨૦૨૨**

**મેઘાણીનગરઃ** નિલમકુમારી જંદેલસિહ કુશવાહ (ઉ.વ.૧૪) (રહે. અમરાજીનગર ગલી નંબર-૧ ભાર્ગવ રોડ કુબેરનગર) તા.૨૪/૦૧/૨૦૨૨ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામા ગેસની સગડી ઉપર જમવાનુ બનાવતી હતી ત્યારે ગેસની જાળ દુપટ્ટાને અડી જતા આગ લાગતા દાઝી ગઈ હતી. સારવાર માટે સૈજપુર ચૌધરી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૨/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગે તેનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઇશ્રી પી.સી.પરમાર ચલાવે છે.

**દિવાલ પડતા દટાઈ જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૮૨/૨૦૨૨**

**વાડજઃ** રાકેશ ગીરધરલાલ પટેલ (ઉ.વ.૪૪) (રહે. સ્વામિનારાયણ પાર્ક મંગલદીપ સ્કુલ સામે નવા વાડજ) તા.૧૦/૦૨/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે બાથરૂમમાં ન્હાવા ગયા હતા ત્યારે મકાનની દીવાલ ધસી પડતા દટાઇ જતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૮૩/૨૦૨૨**

**નરોડાઃ** સમરણભાઇ નંદલાલ ચૌધરી (ઉ.વ.૪૫) (રહે. ભીખાભાઈની ચાલી લક્ષ્મીનગર નાના ચિલોડા નરોડા) તા.૦૯/૦૨/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઈ.ડી.સી રેલ્વે ફાટક થી એસ.પી.રીંગ રોડ તરફ જતા ફાટકની વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૮૪/૨૦૨૨**

**રામોલઃ** નેહાબહેન ડો/ઓ મનસુખભાઇ રાઠોડ (ઉ.વ.૧૮) (રહે. ઇન્દીરાનગર ભરવાડવાસ રામોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૨/૨૦૨૨ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.